અમદાવાદ શહેર પોલીસ

સરદારનગર પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોન નંબર : ૯૫૧૨૬૭૫૮૬૯
Email- polstn – sardar-ahd@gujrat.gov.in

# પ્રેસ નોટ

## તા- ૧૫/૧૧/૨૦૧૯ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલ બાળક મયુર ઉ.વ. ૧૪ રતલામ (મધ્ય પ્રદેશ) ખાતેથી શોધી પરત તેના વાલી-વારસ ને સોંપતી સરદારનગર પોલીસ

સરદારનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં ૧૫૭/૧૯ ઈ.પી.કો કલમ ૩૬૩ મુજબના ગુનાના કામે ગુમ થયેલ બાળક નામે મયુર ઉ.વ.૧૪ નાનો ગઈ તા.૦૭/૧૧/૧૯ ના રોજ સવારના પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલ અને શોધખોળ કરતા મળી નહી આવતા જે બાબતે ઉપરોક્ત નંબરથી ગુનો દાખલ થયેલ હોઈ જે આધારે સદર ગુમ થનાર બાળકને શોધી કાઢવા સારુ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના પ્રમાણે તથા સીની.પોલીસ ઇંસ્પેકટર શ્રી સી.આર.જાદવ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટર શ્રી એમ.બી.બારડ સરદારનગર પોલીસ સ્ટેશનના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવી સદર ગુમ થનાર ની શોધખોળ કરવાની ચાલુ હતી તે દરમ્યાન સદર ગુમથનાર બાળક મયુર ઉ.વ.૧૪ નાનો રતલામ (મધ્ય પ્રદેશ) ખાતે ની માહીતી મળતા જે માહીતી આધરે તાત્કાલીક અત્રેના પો.સ્ટે ખાતે ફરજ બજાવતા મ.સ.ઈ દિનકરભાઈ રમેશભાઈ બ.ન.૨૯૮ તથા સંજય કનુભાઈ બ.ન.૯૭૫ નાઓ તાત્કાલીક રતલામ (મધ્ય પ્રદેશ) ખાતે જઈ બાળકને હેમખેમ ત્યાંથી અત્રે સરદારનગર પો.સ્ટે ખાતે લાવી તેની માતા બબીબેન ને સુરક્ષીત પરત સોંપેલમાં આવેલ છે.

**કામગીરી કરનાર અધીકારી/ કર્મચારી-** (૧) શ્રી એમ.બી.બારડ સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટર નોકરી- સરદારનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

(૨) અ.લો.ર મનોજકુમાર ભઈલાલભાઈ બ.ન.૧૨૯૧૬ નોકરી- સરદારનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

(૩) અ.લો.ર રઘુવીરસિંહ ભમ્મરસિંહ બ.ન.૫૨૦ નોકરી-સરદારનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

